

# વેજલપુર પંથકમાં વગર ચોમાસે પૂરની સ્થિતિ

**પાઇપ** ફાટતાં લાખો લિટર પાણીનો વ્યય, સ્લમ વિસ્તાર અને સોસાયટીઓનાં ઘરોમાં પાણી ઘૂસી જતાં ઘરવખરીને નુકસાન

ભરૂચઃ ભરૂચના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વેજલપુર નજીક વેલાણી કૂવા વિસ્તારમાં પીવાના પાણીની મુખ્ય પાઈપલાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાતાં સમગ્ર વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ પેદા થઈ હતી.

ઉનાળાની કાળઝાળ ગરમીમાં જ્યારે શહેરીજનો પાણીના એક-એક ટીપા માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે નગરપાલિકાની પાઈપલાઈન ફાટવાને કારણે લાખો લિટર પાણીનો રસ્તા પર વ્યય થયો હતો. પાઈપલાઈનમાંથી નીકળેલા પાણીના પ્રચંડ પ્રવાહને કારણે વેલાણી કૂવા વિસ્તારમાં વગર ચોમાસે પૂર જેવો માહોલ સર્જાયો હતો અને માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા. આ પાણીનો પ્રવાહ નજીકના સ્લમ વિસ્તારો અને આજુબાજુની સોસાયટીઓમાં ફરી વળ્યો હતો, જેના કારણે અનેક લોકોનાં ઘરોમાં પાણી ઘૂસી ગયા હતા.

સ્થાનિક રહીશોએ આક્ષેપ કર્યો છે કે ઘરોમાં પાણી ભરાઈ જવાને કારણે અનાજ અને ઘરવખરીના સામાનને ભારે નુકસાન થયું છે અને લોકોની હાલત કફોડી બની ગઈ છે.

ખાસ કરીને શ્રમજીવી વિસ્તારમાં પાણી ભરાઈ જવાથી લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

એક તરફ ઉનાળામાં પાણીની તંગીની બૂમરાણ મચી છે અને બીજી તરફ વહીવટી તંત્રની નિષ્કાળજીને કારણે આટલા મોટા પ્રમાણમાં પાણીનો બગાડ થતાં સ્થાનિકોએ તંત્ર સામે ઉગ્ર રોષ ઠાલવી તાત્કાલિક સમારકામની માંગ કરી છે.

# અંકલેશ્વરમાં આકરી ગરમી વચ્ચે ડમ્પિંગ સાઈટમાં આગ

**કાળઝાળ** ગરમી વચ્ચે વેસ્ટ કચરાના ઢગલામાં આગ લાગતાં દોડધામ

અંકલેશ્વરઃ અંકલેશ્વર શહેરમાં વધતી ગરમી વચ્ચે સી પમ્પિંગ સ્ટેશન નજીક આવેલી ડમ્પિંગ સાઈટમાં બુધવારે વહેલી સવારે આગ લાગવાનો બનાવ બનતાં વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ડીજીવીસીએલના સબ સ્ટેશન સામે આવેલા વેસ્ટ કચરાના ઢગલામાં અચાનક આગ ભભૂકી ઊઠતાં ધુમાડાના ગોટેગોટા આકાશમાં ફેલાયા હતા.

મળતી માહિતી મુજબ સવારના અરસામાં કચરાના ઢગલામાંથી ધુમાડો નીકળતા સ્થાનિકોએ ઘટનાની જાણ તંત્રને કરી હતી. આગ લાગવાનું કારણ પ્રાથમિક તબક્કે વધતી ગરમી અને કચરામાંથી ઉત્પન્ન થતી ગેસને માનવામાં આવી રહ્યું છે. આગને કાબૂમાં લેવા ફાયર બ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી કામગીરી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ભરૂચ જિલ્લામાં છેલ્લા કેટલાક દિવસોથી કાળઝાળ ગરમીનો માહોલ જોવા મળી રહ્યો છે. અંકલેશ્વર સહિત જિલ્લામાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને પાર જતા લોકો ત્રાહિમામ પોકારી રહ્યા છે. એપ્રિલ મહિનામાં જ ગરમીનો આંક ઊંચો જતા આગ લાગવાના બનાવો વધવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઔદ્યોગિક હબ તરીકે ઓળખાતા ભરૂચ જિલ્લામાં દહેજ, અંકલેશ્વર, પાનોલી અને ઝગડીયા જેવી ઔદ્યોગિક વસાહતોમાં પેટ્રોકેમિકલ અને રંગ-રસાયણ ઉદ્યોગોની સંખ્યા મોટી છે. જિલ્લામાં રાજ્યમાં સૌથી વધુ 106 મેજર એક્સિડેન્ટલ હેઝાર્ડ યુનિટ કાર્યરત હોવાથી ઉનાળામાં રાસાયણિક પદાર્થ સળગી ઊઠવાનો ખતરો પણ વધી જાય છે.



પ્રવીણ તેરૈયા

## ઉદ્યોગોમાં સલામતી માટે ખાસ તકેદારી

જિલ્લાની ઔદ્યોગિક વસાહતોમાં 600થી વધુ કેમિકલ આધારિત એકમોમાં જ્વલનશીલ રસાયણોના સંગ્રહને લઈને ઉદ્યોગકારોએ વધતી ગરમી સામે તકેદારીનાં પગલાં શરૂ કર્યાં છે. ઉનાળામાં કેમિકલનું વેપોરાઇઝેશન અટકાવવા કુલિંગ ડોમ, કુલિંગ સિસ્ટમ, ચીલિંગ પ્લાન્ટ તથા આઈસ મેકર મશીનનો ઉપયોગ વધારવામાં આવ્યો છે. ઉદ્યોગ સંચાલકો દ્વારા રસાયણોને 38 ડિગ્રીથી ઓછા તાપમાને સંગ્રહિત રાખવા ખાસ મોનિટરિંગ શરૂ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ડમ્પિંગ સાઈડ, કચરાના ઢગલા અને ઔદ્યોગિક વિસ્તારોમાં ખાસ નજર રાખવા સૂચના આપવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ભરૂચમાં 20 ઊંટનાં મોત મુદ્દે NGTની ONGCને નોટિસ

**આગામી** સુનાવણી 19 જૂનના રોજ થશે

ભરૂચઃ વાગરા તાલુકામાં કથિત પાણી દૂષણને કારણે 20થી વધુ ઊંટોનાં મૃત્યુ થયાના મામલે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) ગંભીર બન્યું છે.

ટ્રિબ્યુનલે પીડિત પશુપાલકની અરજી સ્વીકારીને ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) તેમજ અન્ય અધિકારીઓને નોટિસ ફટકારી દીધી છે. આ મામલાની આગામી સુનાવણી 19 જૂનના રોજ નક્કી કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર ઉસ્માનભાઈ રહેમાનભાઈ કચ્છીએ 2023માં ONGCની પાઇપલાઇનમાંથી લીકેજને કારણે દૂષિત પાણી પીવાથી તેમનાં 25 જેટલાં માદા ખારાઈ ઊંટોનાં મૃત્યુ થયાનો આરોપ મૂકતાં વળતર માટે અરજી દાખલ કરી હતી. તેમના પિતા આજે રહેમાનભાઈ આજે હયાત નથી.

આ ઘટના 2023ની છે, જ્યારે તેમના પિતા રહેમાન એક પરંપરાગત પશુપાલક, ખારાઈ ઊંટોને ચરાવી રહ્યા હતા. NGTએ અરજી સ્વીકારતા નોંધ્યું કે, અરજદારે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ના 23 મે, 2023ના આદેશની નકલ સાથે રજૂ કરી હતી, જેમાં ONGCના કૂવા નં.51 પાસે ક્રૂડ ઓઇલ પાઇપલાઇનમાંથી લીકેજને કારણે 80 મીટર x 25 મીટર વિસ્તારમાં તેલ ફેલાયું હોવાનું અને માટી દૂષિત થઈ હોવાનું જણાવાયું હતું.

ટ્રિબ્યુનલે એમપણ કહ્યું કે, દૂષિત માટીથી 150 મીટર દૂર એક મૃત ઊંટ મળી આવ્યો હતો અને 3 કિમીના વિસ્તારમાં અન્ય 20 ઊંટોના મૃતદેહો વિખરાયેલા હતા. કારણ કે, બચી ગયેલા ઊંટ સંપૂર્ણપણે સ્વસ્થ થયાં નથી અને ખરાબ સ્થિતિમાં છે, જેના કારણે તેમના અસ્તિત્વ અને દૂધ ઉત્પાદન પર અસર પડે છે.

તદુપરાંત, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં મૃત ઊંટોના નમૂનાઓમાં પેટ્રોલિયમ હાઇડ્રોકાર્બનની હાજરી પુષ્ટિ થઈ હતી.

NGTએ અવલોકન કર્યું કે, 'અરજીમાં પર્યાવરણ સંબંધિત મહત્ત્વનો પ્રશ્ન સામેલ છે.' ટ્રિબ્યુનલે GPCB, ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીના ડિરેક્ટર, પશુપાલન નિયામક, કલેક્ટર અને ONGCને નોટિસ પાઠવીને આ મામલે જવાબ સોંપવાનો નિર્દેશ આપ્યો છે. આ કેસની સુનાવણી 16 એપ્રિલે યોજાનારી હતી, પરંતુ સમય અભાવે તેને 19 જૂન સુધી મુલતવી રાખવામાં આવી છે.

# ભરૂચના કલમ ગામે ભાજપ સમર્થક માતા-પુત્ર પર હુમલો

**'અમારા** ફળિયામાં ભાજપનો પ્રચાર કરવા આવવું નહીં' કહી હુમલો કર્યો, મહિલાને ગંભીર ઇજા

ભરૂચઃ વાગરા તાલુકાના કલમ ગામે ભાજપનો પ્રચાર કરવા બાબતે માતા-પુત્ર પર હુમલો કરવામાં આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ મામલે વાગરા પોલીસ મથકે ગુનો નોંધવામાં આવ્યો છે.

કલમ ગામના સ્કૂલ ફળિયામાં રહેતા અનિશાબેન સિકંદરભાઈ સણવી ગત 20 એપ્રિલની રાત્રે ગામની એક દુકાને અગરબત્તી લેવા ગયા હતા. આ સમયે તેમનો 20 વર્ષીય પુત્ર મોહંમદ ફૈઝ પોતાની મોટરસાઈકલ સાથે ત્યાં ઊભો હતો. ત્યારે ગામનો જ રહેવાસી આરોપી ઈકબાલ સુલેમાન સાધુ (ઉર્ફે નાનો) પોતાની રિક્ષા લઈને ત્યાં આવી પહોંચ્યો હતો.

આરોપી ઈકબાલ સાધુએ મોહંમદ ફૈઝને જોઈને ઉશ્કેરાઈ જતાં કહ્યું હતું કે, તું આજકાલ ભાજપનો ઝંડો લઈને ફરે છે અને પ્રચાર કરે છે, પણ અમારા ફળિયામાં ભાજપનો પ્રચાર કરવા આવવું નહીં. આ બાબતે બોલાચાલી થતાં આરોપીએ ગાળાગાળી શરૂ કરી અને મોહંમદ ફૈઝને લાત મારી નીચે પાડી દીધો હતો. માતા અનિશાબેન પોતાના પુત્રને છોડાવવા વચ્ચે પડ્યા ત્યારે આરોપી વધુ હિંસક બન્યો હતો. તેણે પોતાની રિક્ષામાંથી લોખંડનું પાઢિયુ કાઢી અનિશાબેનને ડાબા ખભાના ભાગે બે ઘા ઝીંકી દીધા હતા. આ હુમલામાં મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી છે. ઘટના બાદ હુમલાખોર ફરાર થઈ ગયો હતો. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે વાગરાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. વાગરા પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. હેડ કોન્સ્ટેબલ સુરેશભાઈ વાઘેલા આ કેસની તપાસ કરી રહ્યા છે.

આગામી 26 એપ્રિલે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવાની છે. મતદાનની તારીખ નજીક આવતાં રાજકીય માહોલ દિવસે ને દિવસે ગરમ બનતો જઈ રહ્યો છે. પક્ષો વચ્ચે સ્પર્ધા તેજ થતાં નેતાઓ દ્વારા જોરદાર પ્રચાર અને સભાઓનું આયોજન થઈ રહ્યું છે.

રાજકીય વિરોધીઓ વચ્ચે શાબ્દિક પ્રહાર અને સામસામે નિવેદનોનો સિલસિલો વધતો જોવા મળી રહ્યો છે. આ તણાવ વચ્ચે કેટલીક જગ્યાએ હુમલાની ઘટનાઓ સામે આવતાં ચિંતા વધી છે. આવા સંજોગોમાં શાંતિપૂર્ણ અને નિષ્પક્ષ મતદાન સુનિશ્ચિત કરવું ખૂબ જ જરૂરી બની ગયું છે.

# ભોલાવમાં કોંગ્રેસી ઉમેદવાર સામે ભાજપી ભાઈનો મોરચો

**ભોલાવ** તાલુકા પંચાયતની ચૂંટણીમાં પારિવારીક ડ્રામા



ભરૂચઃ રાજકારણમાં જ્યારે ઘરના જ સભ્યો સામસામે આવે ત્યારે જનતાને મફતમાં મનોરંજન મળી જતું હોય છે અને ભોલાવ તાલુકા પંચાયતની 3 નંબરની બેઠક પર આવો જ એક રસપ્રદ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ટિકિટ ભલે કોંગ્રેસની હોય પણ પ્રચારમાં 'વટ' તો ભાજપી નાના ભાઈનો જ મારવામાં આવી રહ્યો છે. વાત જાણે એમ છે કે, ભોલાવ ગ્રામ પંચાયતમાં જીતેન્દ્ર પરમારનાં પત્ની નિમિશાબેન સરપંચ પદે બિરાજમાન છે અને ખુદ જીતેન્દ્રભાઈ વર્ષોથી ભાજપના હોદ્દેદાર છે, જેઓ અત્યાર સુધી ભાજપમાં અગાઉ પાંચ અલગ-અલગ હોદ્દા પણ ભોગવી ચૂક્યા છે. પરંતુ તેમના મોટાભાઈ વિજય પરમાર કોંગ્રેસમાંથી ભોલાવ તા.પં.ની ચૂંટણી માટે ટિકિટ લઈ ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યા છે.

પ્રચાર દરમિયાન વિજય પરમાર પોતાના નાના ભાઈ અને તેમના પરિવારના નામનો ઉપયોગ કરી રહ્યા હોવાને લઈ નાના ભાઈ જીતેન્દ્ર પરમારે જાહેરમાં મીડિયા સમક્ષ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, છેલ્લાં 3 વર્ષથી તેમને મોટા ભાઈ વિજય પરમાર સાથે કોઈ જ પારિવારિક લેવાદેવા નથી. બંને ભાઈઓ અલગ રહે છે, બંનેના વ્યવસાય અલગ છે અને બંનેની રાજકીય વિચારધારા પણ અલગ છે. પોતે ભાજપમાં હોવા છતાં કોંગ્રેસી ભાઈ દ્વારા પ્રચાર-પ્રસારમાં ખોટી રીતે તેમના નામનો ઉપયોગ થાય છે.

## અંકલેશ્વર પાલિકાનાં 12 મથક અતિસંવેદનશીલ

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકાના કુલ 9 વોર્ડની 36 બેઠકો માટે અંદાજે 100 ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. 48 મતદાન મથકમાંથી 12 મતદાન મથકોને અતિસંવેદનશીલ અને 16 મતદાન મથકોને સંવેદનશીલ તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ મથકો પર સુરક્ષા વ્યવસ્થા વધુ કડક રાખવામાં આવશે.



# જામણીયાના 2000 લોકોની ચૂંટણી બહિષ્કારની ચીમકી

**અત્યાર** સુધી મીઠી વાતો કરીને મતો અંકે કરનારા નેતાઓ માટે આ વખતે મોટો અવરોધ

ભરૂચઃ ભરૂચના વાલિયા તાલુકામાં આવેલું જામણીયા ગામ હાલમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે રાજકીય પક્ષો માટે પડકારરૂપ બન્યું છે. છેલ્લા 20 વર્ષથી બિસમાર રસ્તાની ગંભીર સમસ્યાનો સામનો કરી રહેલા આશરે 2000 જેટલા ગ્રામજનોએ એકસૂરે 'રસ્તો નહીં તો વોટ નહીં'ના નારા સાથે આગામી ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચીમકી ઉચ્ચારી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે અનેક રજૂઆતો અને દાયકાઓ વીતી ગયા હોવા છતાં કોઈપણ રાજકીય પક્ષ કે જનપ્રતિનિધિએ ગામના કાચા અને ખાડાવાળા રસ્તાનું નિરાકરણ લાવવામાં રસ દાખવ્યો નથી. રસ્તાની હાલત એટલી હદ સુધી દયનીય છે કે ગામ સુધી સરકારી એસ.ટી. બસ પણ પહોંચી શકતી નથી, જેના કારણે ગામની પરિવહન વ્યવસ્થા સાવ ભાંગી પડી છે.

સ્થાનિક રહીશોના જણાવ્યા અનુસાર ગામમાં માત્ર ધોરણ 8 સુધીની જ શાળાની સુવિધા ઉપલબ્ધ છે, જેના કારણે ધોરણ 9 અને તેનાથી આગળના અભ્યાસ માટે વિદ્યાર્થીઓએ ગામની બહાર જવું પડે છે.

બસ ગામમાં આવતી ન હોવાથી વિદ્યાર્થીઓએ દરરોજ 3થી 4 કિલોમીટર જેટલું અંતર ચાલીને મુખ્ય માર્ગ સુધી જવું પડે છે. આ પ્રક્રિયામાં ઘણીવાર વિદ્યાર્થીઓ બસ ચૂકી જાય છે અને તેમનું શિક્ષણ કાર્ય પણ ખોરવાય છે. માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ આરોગ્યની સેવાઓ માટે પણ રસ્તો વિઘ્નરૂપ સાબિત થઈ રહ્યો છે. ખાસ કરીને સગર્ભા મહિલાઓ અને ગંભીર બીમાર દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવા માટે આ બિસમાર રસ્તો જોખમી બને છે. ચોમાસા દરમિયાન તો આ ગામના લોકોની હાલત વધુ કફોડી થઈ જાય છે, જ્યારે કાદવ-કીચડને કારણે અવરજવર કરવી લગભગ અશક્ય બની જાય છે. ગ્રામજનોએ સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે જ્યાં સુધી તંત્ર દ્વારા ગુણવત્તાયુક્ત રસ્તો બનાવવાની ખાતરી અને કામગીરી શરૂ કરવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ મતાધિકારનો ઉપયોગ કરશે નહીં. આ વખતે આખું ગામ એકજૂટ થઈને સુવિધાઓના અભાવે મતદાન પ્રક્રિયાથી દૂર રહેવાના મક્કમ નિર્ધાર પર અડગ જોવા મળી રહ્યું.

## ભામૈયા ગામે પતિ સાથે ઝઘડા બાદ મહિલાનો આપઘાત

બારડોલીઃ બારડોલીના ભામૈયા ગામે આવેલા ૧૮ ગાળા ફળિયામાં રહેતી ૩૦ વર્ષીય સાવલીબેન અજયભાઈ રાઠોડે પોતાના ઘરમાં ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. આ કરુણ ઘટનાના મૂળમાં પતિ-પત્ની વચ્ચે થયેલો સામાન્ય કૌટુંબિક ઝઘડો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે.

મૃતક સાવલીબેન ગત રોજ સાંજે મજૂરીકામ પતાવીને ઘરે મોડાં આવ્યાં હતાં. જેને લઈ તેમના પતિ સાથે જમવા બાબતે બોલાચાલી થઈ હતી. આથી ઝઘડાને કારણે તેઓ રાત્રે જમ્યા વગર જ સૂઈ ગયાં હતાં. બાદ ૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સવારે જ્યારે પતિએ કામ પર જવા માટે ટિફિન બનાવવા કહ્યું ત્યારે ફરીથી બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સાવલીબેને ગુસ્સામાં ટિફિન બનાવવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી. આ વિવાદના પગલે મનમાં લાગી આવતાં તેમણે ઘરની અંદર મોભ સાથે લોખંડની એંગલ પર ઓઢણી વડે ફાંસો ખાઈ જીવનલીલા સંકેલી લીધી હતી. આ ઘટના અંગે ભાનુબેન અરવિંદભાઈ રાઠોડે બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનમાં જાણ કરતાં અકસ્માત મોતનો ગુનો દાખલ કરાયો છે. હાલ બારડોલી રૂરલ પોલીસ સ્ટેશનના અ.હે.કો. સોહિલકુમાર મહેશલાલ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## સંક્ષિપ્ત સમાચાર

### માંડવી નગરપાલિકાની ચૂંટણીના 14 બૂથ માટે 26 EVM સીલ કરાયાં



હિતેશ પટેલ

માંડવીઃ માંડવી નગરપાલિકાની આગામી તા.26મી એપ્રિલના રોજ યોજાનારી સામાન્ય ચૂંટણીને લઈને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. શહેરના નિર્ધારિત 14 મતદાન મથકો માટે જરૂરી એવા કુલ 26 ઈવીએમ (EVM) મશીનોને અધિકારીઓની હાજરીમાં સીલ કરવાની કામગીરી ગતરોજ પૂર્ણ કરવામાં આવી હતી. મતદાન ટુકડીઓને તા.25મી એપ્રિલના રોજ સવારે જરૂરી સામગ્રી સાથે જે-તે બૂથ પર રવાના કરવામાં આવશે. કાળઝાળ ગરમીને ધ્યાને રાખી દરેક મતદાન મથક પર પીવાના પાણીની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. આ ઉપરાંત, દિવ્યાંગ અને વયોવૃદ્ધ મતદારો માટે વ્હીલચેરની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ છે. આરોગ્યની સુરક્ષાને પ્રાધાન્ય આપતા દરેક બૂથ પર એમ્બ્યુલન્સ સાથે મેડિકલ ટીમ પણ ખડેપગે રહેશે. આ સમગ્ર પ્રક્રિયાનું મોનિટરિંગ ચૂંટણી અધિકારી પી.સી. પટેલ, મદદનીશ ચૂંટણી અધિકારી એ.બી. રાઠોડ અને ચીફ ઓફિસર પૂર્વીબેન પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી રહ્યું છે.

### બારડોલી નગર અને તાલુકામાં ૧૧ મતદાન મથક સંવેદનશીલ

બારડોલીઃ બારડોલી નગરપાલિકા અને તાલુકા પંચાયતની આગામી ચૂંટણીને અનુલક્ષીને વહીવટી તંત્ર દ્વારા સુરક્ષાના સઘન આયોજન કરવામાં આવ્યા છે. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થાય તે હેતુથી વહીવટી તંત્રે બારડોલીનાં કુલ ૧૧ મતદાન મથકોને સંવેદનશીલ જાહેર કર્યાં છે. પ્રાપ્ત વિગતો મુજબ બારડોલી નગરપાલિકાના વોર્ડ નં.૬માં આવેલી મદ્રેસા હાઈસ્કૂલના રૂમ નં.૧૬, ૧૩, ૧૦, ૧૧, ૨૧ અને ૨૩ એમ કુલ ૬ મતદાન કેન્દ્રો સંવેદનશીલ છે. ઉપરાંત બારડોલી તાલુકા પંચાયતની ચૂંટણી માટે બાબેન અને કડોદ મિયાવાડી વિસ્તારનાં કુલ ૧૧ મતદાન કેન્દ્રોને પણ સંવેદનશીલની યાદીમાં મૂકવામાં આવ્યાં છે, જેમાં બાબેન આંગણવાડી કેન્દ્ર તેમજ ગુજરાતી પ્રાથમિક શાળાના વિવિધ રૂમનો સમાવેશ થાય છે. આ સંવેદનશીલ વિસ્તારોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ બંદોબસ્ત ઉપરાંત પેરા મિલિટરી ફોર્સ અને એસઆરપીના જવાનોને તૈનાત કરવામાં આવશે. કોઈપણ પ્રકારની અનિચ્છનીય ઘટનાને રોકવા માટે વિડીયોગ્રાફી અને વેબકાસ્ટિંગ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવશે. ચૂંટણી તંત્ર દ્વારા મુક્ત અને ન્યાયી મતદાન માટે તમામ જરૂરી સુવિધાઓ અને વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવામાં આવી છે.

### વાગરામાં કન્ટેનર ચાલકે બાઈકસવાર પિતા-પુત્રને ટક્કર મારી, પિતાનું મોત

ભરૂચઃ વાગરાના અરગામા ગામે નવી નગરી વિસ્તારમાં રહેતાં વિનોદ કમલેશ વસાવા ગત ૨૦મીએ સાંજે તેમના પિતા કમલેશ દેસાઈ વસાવા સાથે તેમની બાઈક પર વિલાયત ચોકડી પાસે સામાન ખરીદી કરવા માટે ગયા હતા. તેઓએ વિલાયત ચોકડી પર આવેલા એક શોપિંગમાંથી સામાન લઈ ઘરે પરત આવવા માટે નીકળ્યા હતા. દરમિયાન થોડે દૂર આવેલા નાળા પાસે પહોંચતાં એક કન્ટેનરના ચાલકે પૂરઝડપે કન્ટેનર હંકારી લાવી તેમની બાઈકને પાછળથી ટક્કર મારતાં પિતા-પુત્ર બંને રોડ પર ફંગોળાઈ ગયા હતા. દરમિયાન તેમના પિતા પરથી કન્ટેનરનું ટાયર ફરી વળતાં તેમને ગંભીર ઈજાઓ થઈ હતી. જ્યારે કન્ટેનર ચાલક તેનું વાહન સ્થળ પર જ મૂકી ભાગી ગયો હતો. લોકોએ તેમના પિતાને બહાર કાઢી જોતાં તેમને ગંભીર ઈજા થઈ હોવાને કારણે તેમને તાત્કાલિક સારવાર માટે ૧૦૮ની મદદથી ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા. જ્યાંથી તેમને વધુ સારવાર માટે વડોદરા અને બાદમાં અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા હતા. જ્યાંથી પરત ભરૂચ લાવતી વેળા તેમનું મોત નીપજ્યું હતું.

### મોંઘવારી ભથ્થા મુદ્દે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની CMને રજૂઆત

સાયણઃ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા બજારમાં વધતી મોંઘવારી સામે કર્મચારીઓને પોતાનાં પરિવારનું જીવનધોરણ જળવાઈ રહે તે હેતુથી મોંઘવારી ભથ્થું જાહેર કરવામાં આવતું હોય છે. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા કેન્દ્રનાં કર્મચારીઓનું ૨ ટકા મોંઘવારી ભથ્થું વધારી ૫૮ ટકાના બદલે ૬૦ ટકા મોંઘવારી ભથ્થું તા.૧/૧/૨૦૨૬ની અસરથી આપવા જાહેર કરવામાં આવ્યું છે. આ બાબતે ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના સિનિયર ઉપપ્રમુખ કિરીટભાઈ પટેલ પાસેથી મળતી માહિતી અનુસાર રાજ્ય સંઘે માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને લેખિત અરજીમાં જણાવ્યું છે કે ગુજરાત સરકાર દેશમાં મોડેલ સ્ટેટ છે અને કેન્દ્ર સાથે ગુજરાત સરકાર પણ કર્મચારીઓનાં હિતાર્થે મોંઘવારી ભથ્થું જાહેર કરતું હોય છે તો કેન્દ્રના ધોરણે આપણા રાજ્યમાં પણ મોંઘવારી ભથ્થાની જાહેરાત કરવામાં આવે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની આ માંગને ટૂંકા સમયગાળામાં હકારાત્મક પ્રતિસાદ સાંપડે એવો આશાવાદ હાલમાં સુરત જિલ્લા સહિત રાજ્યભરના કર્મચારીઓ સેવી રહ્યા છે એમ જિલ્લાના પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ જણાવે છે.

### માંડવીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો ગરમાવો: EVM કમિશનિંગ પૂર્ણ



હિતેશ પટેલ

માંડવીઃ માંડવીમાં યોજાનારી જિલ્લા અને તાલુકા પંચાયતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર એક્શન મોડમાં જોવા મળી રહ્યું છે. ચૂંટણીની પૂર્વ તૈયારીઓના ભાગરૂપે વહીવટી સ્ટાફ દ્વારા ઈવીએમ (EVM) કમિશનિંગની મહત્ત્વપૂર્ણ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરી દેવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાને પારદર્શક અને સુલભ બનાવવા માટે પ્રાંત અધિકારી કૌશિક જાદવના માર્ગદર્શન હેઠળ મામલતદાર અને ટીડીઓ સહિત પોલિંગ સ્ટાફ રાત-દિવસ કાર્યરત છે. અત્યાર સુધીમાં મતદાન સ્ટાફની બે તબક્કાની તાલીમ પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે ત્રીજા અને અંતિમ તબક્કાની તાલીમ આગામી ૨૨ અને ૨૩ એપ્રિલના રોજ યોજાનાર છે. લોકશાહીના આ પર્વમાં ફરજ બજાવતા કર્મચારીઓ પણ મતાધિકારથી વંચિત ન રહી જાય એ હેતુથી ૨૩ એપ્રિલના રોજ આશાપુરી હોલ ખાતેના ફેસિલિટી સેન્ટર પર પોસ્ટલ બેલેટ દ્વારા મતદાનની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ચૂંટણીના સંચાલન માટે બી.બી. અવિચલ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજને મુખ્ય મથક બનાવવામાં આવ્યું છે. અહીંથી જ ચૂંટણી સામગ્રીનું ડિસ્પેચિંગ અને મતદાન બાદ ઈવીએમ રિસિવિંગની પ્રક્રિયા હાથ ધરાશે. આ જ સ્થળે આગામી ૨૮ એપ્રિલના રોજ મતગણતરી યોજાશે, જેના પર સૌની નજર ટકેલી છે. હાલમાં સમગ્ર માંડવી પંથકમાં વહીવટી સજ્જતા સાથે ચૂંટણીનો માહોલ જામ્યો છે.